**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦        ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૦/૬/૨૦૧૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u>**        **<u>સમાચાર યાદી નં.૧૧૮૪/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૫૩૧ લીટર દેશી દારૂ, ૨૬ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>**        **<u>સમાચાર યાદી નં.૧૧૮૫/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>**        **<u>સમાચાર યાદી નં.૧૧૮૬/૧૫</u>**

**નરોડા :** રેખાબહેન જગદીશપ્રસાદ અદાવર (ઉ.વ.૧૬)(રહે.કલ્યાણચોક, રતનબા સ્કુલ પાસે, ઠક્કરનગર નરોડા) ને તા.૬/૬/૧૫ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી દિપુ મહેશ માહોર ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ રેખાબહેનનાં પિતા જગદિશપ્રસાદ અદાવરે તા.૯/૬/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**<u>અપહરણ/બળાત્કાર :-</u>**        **<u>સમાચાર યાદી નં.૧૧૮૭/૧૫</u>**

**સરદારનગર :-** સરદારનગર વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની તરૂણીની માતાએ તા.૯/૬/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૬/૧૫ થી ૩ માસ પહેલાંનાં સમયગાળા દરમ્યાન ઘર નજીક રહેતો આરોપી કાળુભાઇ મફાભાઇ વઢીયારી તરૂણીનાં ઘર નજીક આવેલ ઘરમાં તેમજ રાજકોટ ખાતે લઇ જઇ, તરૂણીની મરજી વિરૂધ્ધ, બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. તેમજ આ વાત કોઇને કહીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નરોડા : (૧)** અલ્કેશભાઇ ગુલાબચંદ્ર અગ્રવાલ (રહે.શુભ બંગ્લોઝ, હરીદર્શન ચોકડી પાસે, નવા નરોડા) એ તા.૯/૬/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૫/૧૫ થી તા.૪/૬/૧૫ સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, પ્લેટીનીયમ બ્રેસલેટ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**(૨)** નરેશકુમાર સુખરામદાસ પાટવાણી (રહેજયશંકર સોસાયટી, પોસ્ટ ઓફીસ વાળી ગલી,નવા નરોડા) એ તા.૯/૬/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૫/૧૫ થી બપોરનાં ૪/૦૦ થી તા.૨૫/૫/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૮૫,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**કાગડાપીઠ :** હરીશભાઇ ભાલજીભાઇ ગોહેલ (રહે.મ્યુ.ક્વૉટર્સ, ફુટબોલ ગ્રાઉન્ડની સામે, કાંકરીયા) એ તા.૯/૬/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૬/૧૫ બપોરનાં ૨/૩૦ થી તા.૩/૬/૧૫ બપોરનાં ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં બાથરૂમની બારીની જાળી તોડી, શકદાર આરોપી હંસાબહેન રાજેશભાઇ ઠાકોર(રહે.છીપાની ચાલી, કંગાલપુરી ગામ, ગીતામંદિર) ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૪,૬૦,૮૦૦/- અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૪૦,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.જે.ચૌધરી ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ :** કિંજલબહેન રાહિલભાઇ જેટલી (રહે.સુખ સાગર એપાર્ટમેન્ટ, સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૬/૧૫ બપોરનાં ૧/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

**વસ્ત્રાપુર :** રજનીશકુમાર પવનકુમાર બંસલ (રહે. સિમંધર ટાવર, આઇ.ઓ.સી.પેટ્રોલપંપની બાજુમાં બોડકદેવ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૬/૧૫ સવારનાં ૧૦/૩૦ થી બપોરનાં ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના તથા પડોશીનાં મકાનનાં દરવાજાનાં તાળા તોડી, શકદાર જીગર નામનો ઇસમ અથવા કોઇ અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૮૬,૯૦૦/- મતાની તેમજ ડોલર, પાઉંન્ડ અને યુરો ની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.બી.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૯/૧૫**

**એલીસબ્રીજ :** સુમનબહેન જતીનભાઇ સોલંકી (ઉ.વ.30)(રહે.સવગણનગર, ભીલવાડા રોડ, બળીયાનગર સામે, અમરાઇવાડી) એ તા.૯/૬/૧૫ બપોરના ૨/00 થી ૪/૧0 વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના પિયરનાં ઘરે કોઇ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એમ” ડીવીઝન ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)